સરદારનગરપોલીસસ્ટેશન

અમદાવાદશહેર

ફોનનંબર : ૯૫૧૨૬૭૫૮૬૯

Email- polstn- sardar-ahd@gujrat.gov.in

## પ્રેસ નોટ

### નોબલનગર વિસ્તારમાં રહેતા રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ બાબુભાઇ દેસાઇ નુ ખુન કરી નાસતા ફરતા મુખ્ય આરોપીઓની ધરપકડ કરતી સરદારનગર પોલીસ

સરદારનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ.ગુ.ર.નંબર.૧૧૧૯૧૦૪૦૨૦૦૨૨૧/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૦૨,૩૨૪,૧૧૪ તથા જીપીએકટ કલમ ૧૩૫(૧) મુજબના ફરીયાદીશ્રી રમેશભાઇ સા/ઓફ બાબુભાઇ જાતે- દેસાઇઉ.વ ૩૮ ધંધો વેપાર રહે, બી/૦૫ સુદામા પાર્ક નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર નાઓની ફરીયાદ ના કામે હકીકત એવી છે કે તા.૧૯/૦૧/૨૦૨૦ ના કલાક.૨૨/૩૦ વાગ્યાના દરમ્યાન નોબલનગર સુદામા પાર્ક સોસાયટી ના ગેટની આગળ જાહેરમાં ફરીયાદી ના ભાઇ મરણ જનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ બાબુભાઇ દેસાઇ નાઓને તેઓની સોસાયટી માં રહેતા (૧) આશીષ ગણેશભાઇ વ્યાસ (૨) સુકેશ ગણેશભાઇ વ્યાસ બંન્ને રહે, સુદામા પાર્ક નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર (૩) મનોજ લાલવાણી ઉર્ફે મનોજ ટીકડી નાઓએ ભેગા મળી તિક્ષ્ણ ધારદાર હથિયાર ચપ્પા વડે આ કામના મરણ જનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ બાબુભાઇ દેસાઇ નાઓને અગાઉ ના જુના ઝઘડાની અદાવત રાખી શરીરે જુદા જુદા ભાગે ઉપરા છાપરી ઘા મારી ગંભીર ઇજાઓ કરી લોહી લુહાણ કરતાં તેઓને સારવાર માટે આનંદ સર્જીકલ હોસ્પીટલ મેમ્કો ખાતે લઈ જતા ત્યાં ના ફરજ ઉપર ના ડોકટર શ્રીએ  કલાક.૨૩/૦૦ વાગે મરણ જાહેર કરેલ અને આ રીતે તેનુ મોત નિપજાવેલ હોય તેમજ ફરીયાદી તથા સાહેદ વિવેક ઉર્ફે આશીષભાઇ શર્મા નાઓ મરણ જનાર ને બચાવવા માટે વચ્ચે પડતા તેઓને પણ આરોપીઓએ ચપ્પા ના ઘા મારી ઇજાઓ કરી ગુન્હો કરેલ હોય જેથી ગુન્હો કર્યા અંગેની ફરીયાદીશ્રીની ફરીયાદ આધારે સદર ગુન્હો દાખલ થયેલ.

જેમાં સદર ગુન્હો કર્યા બાદ આ ગુન્હા ના મુખ્ય આરોપીઓ (૧) આશીષ ગણેશભાઇ વ્યાસ (૨) સુકેશ ગણેશભાઇ વ્યાસ બંન્ને રહે, સુદામા પાર્ક નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર (૩) મનોજ ઉર્ફે "મનોજ ટીકડી" મગનલાલ લાલવાણીનાઓ ગુના કર્યા બાદનાસતા ફરતા હતા અને તપાસ દરમ્યાન અમદાવાદ પાલનપુર હાઇવે ઉપર અરોમા સર્કલ પાલનપુર ખાતે આવેલ વે-વેઇટ હોટલ તેમજ અરોમા સર્કલપાસેથી બાતમી ના આધારે મળી આવેલ જે આરોપીને શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર,સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ (ઇન્ચાર્જ) અમદાવાદશહેર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર, મદદનીશ પોલીસ કમિશનરશ્રી "જી" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે

સી.આર.જાદવ પોલીસ ઇન્સ્પેક્ટર નાઓની સુચના, માર્ગદર્શન તથા ટેકનીકલ સપોર્ટ આધારે તેમજ એમ.બી.બારડ સે.પોલીસ ઇન્સપેકટર નાઓની દોરવણી હેઠળમુખ્ય આરોપીઓ(૧) આશીષ ગણેશભાઇ વ્યાસ (૨) સુકેશ ગણેશભાઇ વ્યાસ બંન્ને રહે, સુદામા પાર્ક નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર (૩) મનોજ ઉર્ફે "મનોજ ટીકડી" મગનલાલ લાલવાણીનાઓને પકડવા સુચના કરેલ હોઈ જે અંગે પો.સબ.ઈન્સ શ્રી જે.કે.બ્રહ્મભટ્ટ સરદારનગર પોલીસ સ્ટેશન તેમજ અ.હે.કો ગૌતમભાઇ કચરાભાઇ અ.હે.કો.રમેશભાઇ રત્નાભાઇ તથા અ.પો.કો કિરણભાઇ ચંદુભાઇ નાઓએ ઉપરોક્ત આરોપીને શોધી પકડીપાડી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી- (૧) શ્રી સી.આર.જાદવ સીની.પોલીસ ઇન્સપેક્ટર નોકરી- સરદારનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૨) શ્રી એમ.બી.બારડ સે.પોલીસ ઇન્સપેકટર સરદારનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૩) પો.સબ.ઈન્સ શ્રી જે.કે.બ્રહ્મભટ્ટસરદારનગર પો.સ્ટેશન

(૪) અ.હે.કો ગૌતમભાઇ કચરાભાઇબ.નં ૯૩૬૫ સરદારનગર પો.સ્ટેશન

(૫) અ.હે.કો હે.કો.રમેશભાઇ રત્નાભાઇબ.નં ૯૯૩૬ સરદારનગર પો.સ્ટેશન

(૬) અ.પો.કો  કિરણભાઇ ચંદુભાઇબ.નપ૭૭૦સરદારનગરપો.સ્ટેશન

